**<u>સ્પે.દિ.મુ. નં. ૨૨/ ૨૦૨૨ ના કામે પ્રતિવાદી નં.૩ તરફે આંક–૨૮ થી રજુ સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ દાવા અરજી રીજેકટ કરવાની અરજી તળે હુકમ.</u>**

(૧) હાલના દાવાના કામે પ્રતિવાદી નં.૩ તરફે હાલની અરજી રજુ રાખેલ છે જેમાં વાદીનો દાવો કારણ દર્શાવતો નહોવાનુ અને લીમીટેશનના કાયદાથી બાધિત હોવાની હકીકતે રજુ રાખેલ છે અને જણાવેલ છે કે, વાદી નોધ નં.૧૬૫૦ થી અંબાલાલ ઈશ્વરભાઈ વસાવાનુ નામ દાખલ થયેલાનુ જણાવેલ છે અને તેઓ માલીક બનેલ છે. વાદીનો કોઈ વારસાઈ હકક હિસ્સો આવેલ નથી કે સીઘીલીટીના વારસ નથી તેમજ આ નોધ ૧૯૭૦ પહેલાંની છે અને કયારેય પણ ચેલેન્જ કરવામાં આવેલ નથી અને સને.૨૦૧૮ માં વાદીએ તેવી નોધ ચેલેન્જ કરેલ છે જે ડે.કલેકટરશ્રીએ નામંજુર કરેલ છે. તેમજ વાદીએ મુદત બહાર દાવો દાવો કરેલ છે. તેમજ વાદીએ અગાઉ સ્પે.સીવીલ દાવા નં.૧૦૬૭/૨૦૦૦ થી સીવીલ કોર્ટ (એસ.ડી) વડોદરા મુકામે તથા રે.દિ.મુ.નં.૩૪૧/૨૦૧૦ થી સીવીલ કોર્ટ વાઘોડીયામાં દાવા કરેલ છે જે હકીકત વાદીએ છુપાવેલ છે તેમજ રે.દિ.મુ.નં.૩૪૧/૨૦૧૦ નો દાવો વાદીએ બિનશરતી પરત ખેંચેલ હોવા છતાં હાલનો દાવો કરેલ છે. વિગેરે હકીકતે દાવા અરજી રીજેકટ કરવાની દાદ માગેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે વાદી તરફે આંક–૨૯ થી લેખિત જવાબ રજુ રાખવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે વાદીનો દાવો દસ્તાવેજ રદ કરવા સાથે સાથે વિભાજનનો પણ દાવો છે જેથી લીમીટેશનનો બાધ નડતો નથી. તેમજ પ્રતિવાદીઓએ મેળાપીપણામાં દાવાવાળી મિલકતમાં રહેલ વાદીના હકકો ડુબાળવાના પ્રયત્નોના ભાગરૂપે વાદીના નામની નોધપ્રમાણિત થવા દીધેલ નહી તે બાબતે વાદીએ રેવન્યુ રાહે અલગ અલગ કાર્યવાહી આર.ટી.એસ.અપીલ.

કરેલ અને જે ચાલુ છે. જેથી રેવન્યુ રાહે વાદીએ તકરાર ઉપસ્થિત કરેલ હોય તથા તેની કાર્યવાહી ચાલુ હોય વાદીનુ દાવો કરવાનુ કારણ ચાલુ રહેવા પામેલ ગણાય તેમ જણાવેલ છે. તેમજ દાવાની હકીકતો પ્રમાણે પુખ્ત વારસદાર અંબાલાલ ઈશ્વરભાઈ વસાવા સગીરના પાલનકર્તા બાઈ ઉજમબેન તે ઈશ્વરભાઈ અભેસિહ વસાવાની વિધવા એ લલ્લુભાઈ ગીરધરભાઈ પાસે થી સદરહુ વાદગ્રસ્ત જમીન ગણોત હકકે વેચાણ રાખેલ. સ.નં.૫૪૩/અ,બ ના સંરક્ષિત ગણોતીયા પુખ્ત વારસદાર બાઈ ઉજમબેન તે ઈશ્વરભાઈ અભેસિંગ વસાવાની વિધવા તથા વસાવા અંબાલાલ ઈશ્વરભાઈ સ.પા.ક. તરીકે નામ દાખલ થયેલ હતુ. આમ વાદગ્રસ્ત મિલકતો વાદીના પિતા વસાવા ઈશ્વરભાઈ તથા માતા ઉજમબેનને ગણોતીયામાં મળેલ હોય અને તેઓના ખાતે આવેલ અને વાદી તેઓના સીધી લીટીના વારસ હોય તેમ છતાં કુટુંબના વહીવટકર્તા તરીકે માતા ઉજમબાઈ અને ભાઈ વસાવા અંબાલાલ ઈશ્વરભાઈના નામે દાખલ થયેલી. વાદી તથા બહેન મણીબેન ઉર્ફે મિનાક્ષીબેનનુ નામ દાખલ કરવામાં આવેલ નહતુ જેનાથી વાદી અજાણ હતા અને સને.૨૦૧૮ માં જમીનોનુ વેચાણ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ કરતા હોવાની જાણ થયેલ છે અને નોધ નં.૧૬૫૦ ની ચેલેન્જ કરેલ જે આર.ટી.એસ.કેસ નં.૪૧૧/૧૯ નો હુકમ તા.૧૬/૧/૨૦ નારોજ વાદીની તરફેણમાં આવેલો અને વાદીનુ નામ ૭ અને ૧૨ માં ચઢાવવાનુ બાકી હતુ તે દરમ્યાન પ્રતિવાદી નં.૧થી ૪ નાએ તા.૨૫/૬/૧૯ ના રોજ પ્રતિવાદી નં.૫ અને ૬ ને જમીન વેચાણ કરેલ છે અને વાદીનો હકક ડુબાળવાનો પ્રયત્ન કરેલ છે.લીમીટેશન જાણકારી તારીખથી શરુ થાય તેમ જણાવેલ છે. તેમજ વાદી પ્રથમ સુચિના વારસદાર છે વિગેરે હકીકતે હાલની અરજી ખર્ચ સાથે નામંજુર કરવા જણાવેલ છે.

(૩) હાલની અરજી તથા વાદી તરફે રજુ લેખિત જવાબ વંચાણે લીધો હાલની અરજીના અરજદારો/પ્ર

તિવાદીઓ તરફે વિ.વ.શ્રી. કોહલી તથા વાદી તરફે વિ.વ.શ્રી. ડી.બી.પઢીયાર ની દલીલ સાંભળવામાં આવેલ છે. વાદીનુ પક્ષનિવેદન તથા વાદી તરફે રજુ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) હાલની અરજી સંદર્ભે પ્રતિવાદી તરફે દલીલ કરતાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, વાદીએ દસ્તાવેજ રદ કરવા ડેકલેરેશન, મનઈહુકમ તથા પાર્ટીશનની દાદ માગેલ છે તેમજ વાદીએ દાવામાં ૧૯૫૭ માં પિતા મૈયત થતાં પેઢીનામુ દર્શાવેલ છે. તેમજ સંરક્ષિત ગણોતિયા તરીકે મળેલ હોઈ તે કયારેય પણ માલીક તરીકે ગણાય નહી. તેમજ નોધ નં.૧૦૯૦ થી પ્રતિવાદી નં.૧ થી ૪ નુ નામ દાખલ થયેલ જેથી તેઓપણ માલીક કહી શકાય નહી અને રેવન્યુ રેકર્ડમાં ત્રીજા કોલમમાં વાદીનુ નામ હોય તો તે માલીક નહી, પરંતુ સંરક્ષિત ગણોતીયો કહેવાય. તેમજ નોધ નં.૧૬૫૦ જોતાં મામલતદાર કૃષિપંચના હુકમ મુજબ પ્રિમીયમની રકમ ભરીને માલીક થયેલ છે. પ્રતિવાદી નં.૧ થી ૪ વાદીના ભાઈ થાય છે જયારે ઈશ્વરભાઈ વસાવા કયારેય માલીક બનેલ નથી અને ફકત સંરક્ષિત ગણોતીયા હતા. તેમજ ડે.કલેકટરમાં વાદીની તરફેણમાં હુકમ થયેલાનુ કથન છે, પરંતુ ડીલેનો હુકમ વાદીની ફેવરમાં થયેલ છે પરંતુ અપીલ નામજુંર થયેલ છે તે હકીકત વાદીએ છુપાવેલ છે અને વાદી ચોખ્ખા હાથે આવેલ નથી. તથા આંક-૩૧ ના લીસ્ટ થી વાદીએ અગાઉ દાવા કરેલ તેની નકલ રજુ રાખેલ છે જેમાં રે.દિ.૩૪૧/૧૦ નો દાવો બિનશરતી પરત ખેચેલ છે જે હકીકત વાદીએ છુપાવેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, દસ્તાવેજ રદ કરવા માટે ત્રણ વર્ષમાં દાવો કરવો પડે જે કરેલ નથી અને એક વખત લીમીટેશન શરુ થાય ત્યારથી સમયમાં દાવો કરવો પડે જેવાદીએ કરેલ નથી જેથી પણ દાવા અરજી રીજેકટ થવા પાત્ર છે. તેમજ વાદીએ અગાઉના દાવાની હકીકતો જણાવેલ હોતતો હાલનો દાવો થઈ શકેલ નહોત

જેથી ખોટી હકીકતો રજુ કરી દાવો કરેલ છે જેથી હાલની અરજી મંજુર કરી દાવા અરજી રીજેકટ કરવા જણાવેલ છે.

(૫) જયારે વાદી તરફે હાલની અરજી સંદર્ભે વિ.વ.શ્રી. ડી.બી.પઢીયાર દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીએ હકકસ્થાપન તથા વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે કરેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, મિલકત પ્રતિવાદી નં.૧ થી ૫ ને વારસામાં મળેલ છે. સદર જમીન વાદીના પિતા ઈશ્વરભાઈ અભેસિંહને ગણોતીયા તરીકે મળેલ છે જે નોધ નં.૧૦૯૦ પડેલ છે અને ૧૯૫૭ માં વાદીના પિતા મૈયત થતા વાદી થી છુપાવી ખોટી વારસાઈ કરવામાં આવેલ છે વાદીનો મિલકતમાં ૧/૩ હિસ્સો આવેલ છે જે હિસ્સો મેળવવા માટે અને થયેલા દસ્તાવેજો રદ કરવા માટે હાલનો દાવો કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીએ વારસાઈની નોધ ચેલેન્જ કરેલ છે એસ.એસ.આર.ડી.માં અપીલ ચાલુ છે. પ્રતિવાદીના દસ્તાવેજો ૨૦૧૯ માં કરવામાં આવેલ છે જે સમય મર્યાદામાં ચેલેન્જ કરેલ છે. તેમજ હાલના દાવાના કામે પુરાવા લેવા આવશ્યક છે અને કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન સંડોવાયેલ છે જેથી કલમ–૧૧ લાગુ પડતી નથી અને દાવો વિભાજનનો હોઈ લીમીટેશન લાગુ પડે નહી જેથી હાલની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે જોતાં પ્રતિવાદીની હાલની અરજી અન્વયેની હકીકત જોતાં તે સી.પી.સી.ઓર્ડર ૭, રૂલ ૧૧ (એ) તથા (ડી) મુજબની જોગવાઈઓ અન્વયે આપવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. અને વાદીનો દાવો કારણ દર્શાવતો નહોવાની હકીકતે તથા લીમીટેશન બહારનો હોવાની હકીકતે તકરાર ઉઠાવી દાદ માગેલ છે. આમ અત્રેની અદાલતે સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય કરવાનો હોય તેવા સંજોગોમાં ફકત

અને ફકત વાદીના દાવામાં જણાવેલ કથનો તથા સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેવાના રહે છે અને પ્રતિવાદી એ લીધેલ બચાવપર આધાર રાખવાનો રહેતો નથી. વધુમાં વાદીની દાવા અરજી સમગ્રપણે ધ્યાને લેતાં તે આધારે દાવો કોઈ કાયદાની જોગવાઈઓથી બાધિત હોવાનુ સ્પષ્ટ થતુ હોય એટલે કે દાવા અરજી તથા સ્વીકૃત હકીકતો ધ્યાને લેતાં દાવો દેખીતી રીતે લીમીટેશન બહારનો હોય તેવા સંજોગોમાં દાવા અરજી રીજેકટ થઈ શકે અન્યથા રીજેકટ થઈ શકે નહી. વધુમાં હાલના તબકકે વાદીની દાવા અરજીમાં જણાવેલ કથનો હાલના તબકકે સાચા માનીને ચાલવાનુ રહે છે અને વાદી સફળ થશે કે કેમ તેની તપાસ અદાલતે હાલના તબકકે કરવાની રહેતી નથી.

(૭) પ્રતિવાદી તરફે રજુ ચુકાદા ધ્યાને લેતાં તેમાં **(ફસ્ટ અપીલ નં.૪૪૦/૨૦૧૬, તા.૨૨/૬/૧૬)છીમીબેન અને બીજા વિ. પુષ્પાબેન અને બીજા** ના ચુકાદા પર આધાર રાખેલ છે જે ચુકાદામાં વાદીએ વડીલોપાર્જીત મિલકત હોવાની હકીકતે પાર્ટીશનનો દાવો કરેલ જેમાં વાદીના પિતા અને માતા ૧૯૫૭ માં બિનવસીયત મરણ ગયેલા અને વાદી લગ્નબાદ ઘણા વર્ષોથી સાસરે રહેતા હતા અને માતા ૧૦૫૭ માં મરણ જતાં સંતાનો માલીક બનેલ હોવાનુ કથન કરેલ તેમજ દાવાવાળી મિલકતો માતા લખીબેન ના નામે અને ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ થી ૫ ના નામે દાખલ થયેલ અને વણવહેચાયેલ હતી તેમજ વાદીએ પુરાવા માં પ્રતિવાદી ૧૯૪૮–૪૯ થી મિલકતોનો વહીવટ કરતા હોવાનુ અને તેઓની વર્તણુક ૧૯૭૪ થી કોઈને હિસ્સો નઆપવાની હોવાનુ સ્વીકારેલ હોવાની હકીકતે ત્યારથી કારણ ઉભુ થયેલ હોવાનુ માની દાવો લીમીટેશન બહારનો ઠરાવેલ. તેમજ પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમ કોર્ટે ના ***૨૦૧૧(૦) એ.આઈ.જે. સુ.કો. ૧૧૫૮ થી પ્રસિધ્ધ ખત્રી હોટેલ્સ પ્રા.લી. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા*** ના ચુકાદામાં

નામદાર સુપ્રિમ કોર્ટે વિવિધ દાવાનુ કારણ આધારે જાહેરાતના દાવામાં લીમીટેશન જયારે પ્રથમ વખત દાવો કરવાનુ કારણ ઉભુ થાય તે તારીખથી ગણવાનુ રહે છે અને ત્યાર બાદ થતા અધિકારના ભંગ દાવાનુ નવુ કારણ આપી શકે નહી તેમ ઠરાવી જો પ્રથમ દાવો કરવાનુ કારણ ઉભુ થયેલ હોય ત્યારથી જોતાં દાવો સમય મર્યાદા બહાર હોય તો રદ કરવો જોઈએ તેમ ઠરાવેલ હતુ.

તેમજ વાદી તરફે નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટના **એ.આઈ.આર.(એપી.)૧૯૯૫ (૦) ૭૩ થી પ્રસિધ્ધ ખ્વાજા કુતુબુલ્લાહ વિ. ગર્વમેન્ટ ઓફ આંધ્રપ્રદેશ** ના ચુકાદા પર આધાર રાખેલ છે જેમાં લીમીટેશનનો પ્રશ્ન હકીકત તથા કાયદાનો મિશ્રપ્રશ્ન હોવાનુ ઠરાવેલ. તેમજ પ્રતિવાદી તરફે **એ.આઈ.આર. (સુ.કો.)૧૯૯૫ (૦) ૧૭૮૯ થી પ્રસિધ્ધ વિધ્યાદેવી ઉર્ફે વિધ્યાવતી વિ. પ્રેમપ્રકાશના** ચુકાદા પર આધાર રાખેલ છે જેમાં દિલ્હી લેન્ડ રીફોર્મસ એકટ, ૧૯૫૪ મુજબ કોભુમીદારને પાર્ટીશનનો દાવો કરવા માટે સમય મર્યાદા નથી તેવુ ઠરાવેલ હતુ.

તદુપરાંત આ હકીકતે નામદાર એપેક્ષ કોર્ટના વિવિધ ચુકાદા ધ્યાને લેતાં તેમાં **એ.આઈ.આર.૧૯૫૪ મદ્રાસ ૫૯૪ થી પ્રસિધ્ધ ડી.લક્ષ્મીનારાયણ છીતીચાર** ના ચુકાદામાં ઠરાવેલ કે દાવાનુ કારણ એટલે હકીકતોનો સમુહ કે જે વાદીએ દાવામાં સફળ થતા પહેલાં પુરવાર કરવાનો રહે છે બીજી રીતે જોતા તે એવુ માધ્યમ છે કે જેમાં અદાલત તેની તરફેણમાં ચુકાદો આપી શકે.

તેમજ **એ.આઈ.આર.૧૯૭૭ સુ.કો. ૨૪૨૧ થી પ્રસિધ્ધ ટી.અરિવંન્દનદમ વિ. વી. સત્યપાલ અને બીજા** ના ચુકાદામાં દાવાની હકીકતો ફોર્મલી નહી, પરંતુ મહત્વની રીતે વંચાણે લેતાં દાવામાં વેક્ષેસીયસ, મેલીસીયસ અને મેરીટલેશ જણાય તેમજ દાવો કરવા

માટેનુ સ્પષ્ટ કારણ નહી દર્શાવે તો દાવા અરજી રીજેકટ થઈ શકે તેમ ઠરાવેલ.

તેમજ **એ.આઈ.આર.૧૯૮૫ ઓરિસ્સા ૧૯૭ થી પ્રસિધ્ધ શિવનંદા રોય વિ. જાનકી બલ્લવ પટનાઈક** ના ચુકાદામાં દાવાનુ કારણ એટલે કે હકીકતોનો એવો સમુહ કે જે વાદીએ માગેલ દાદ મેળવવા માટે પુરવાર કરવાનો છે.

તદુપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **(૨૦૧૫)૮ એસ.સી.સી.૩૩૧ થી પ્રસિધ્ધ પી.વી.ગુરુ રાજ રેડ્ડી વિ. પી.નિરાધા રેડ્ડી** ના ચુકાદામાં દાવા અરજી ધ્યાને લેતાં તે દેખીતી રીતે કારણ દર્શાવતી નહોય તેવા સંજોગોમાં રીજેકટ થઈ શકે તેમ ઠરાવેલ.

તેમજ **૨૦૧૨(૫,૬ અને ૭) એસ.બી.આર.૩૭૭ થી પ્રસિધ્ધ મેસર્સ ધી. ચર્ચ ઓફ ખ્રિસ્ત ચેરીટેબલ ટ્રસ્ટ અને એજ્યુકેશનલ ચેરીટેબલ સોસાયટી વિ. મેસર્સ પોનિયામ્મન એજ્યુકેશનલ ટ્રસ્ટ** ના ચુકાદા મુજબ દાવાનુ કારણ એ લાગુ પડતા કાયદા મુજબ હકીકતોનો સમુહ છે જે વાદીને પ્રતિવાદી વિરૂધ્ધ દાદ માગવા અધિકાર આપે છે જેથી વાદીએ તેવી હકીકતો વાદીએ જણાવવી અને પુરવાર કરવાની રહે છે તેમ ઠરાવેલ.

તેમજ **૨૦૧૫(૧) જી.એલ.એચ.૧ થી પ્રસિધ્ધ રાધે ક્રિષ્ણા પ્રોડકટસ વિ. પરસોતમભાઈ ધરમશીભાઈ** ના ચુકાદામાં દાવા અરજી રદ કરવાની વખતે ફકત દાવા અરજીમાં રજુ કરવામાં આવેલ મુદાને ધ્યાને લેવા જોઈએ બચાવ ધ્યાને લઈ શકાય નહી. તેમજ દાવા અરજી સમગ્રપણે ધ્યાને લેવાની રહે છે અને તેના ગુણદોષમાં અદાલતે ઉતરવાનુ રહેતુ નથી તેમ ઠરાવેલ.

તેમજ **ડાહીબેન વિ. અરવિંદભાઈ કલ્યાણજી ભાનુશાળી** (એસ.એલ.પી.નં.૧૧૬૧૮/૨૦૧૭, તા.૯/૭/૨૦૨૦) ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ કે વાદીની દાવા

અરજી તથા તેના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજો  દાવો કોઝ ઓફ એકશન દર્શાવતો નહોય કે મુદત બહારનો હોવાનુ સ્પષ્ટ થતુ હોય તો દાવા અરજી રીજેકટ કરવી જોઈએ.

તેમજ **એ.આઈ.આર.૨૦૧૫ સુ.કો. ૨૩૦૧** થી પ્રસિધ્ધ **ફતેહજી એન્ડ કું. વિ. એલ.એમ. નાગપાલ** ના ચુકાદામાં દાવા અરજી જોતાં દાવો મુળભુત રીતે સમયમર્યાદા બહારનો હતો  તેમજ દાવાના કારણ  બાબતે ઠરાવેલ કે અદાલતને સંતોષ થવો જોઈએ કે દાવા અરજી કારણ દર્શાવે છે.

તેમજ નામદાર સુપ્રિમકોર્ટના **૨૦૧૪(૧૪) એસ.સી.સી.૨૫૪ થી પ્રસિધ્ધ  સુરેશકુમાર દાગલા વિ. સરવાન અને બીજા** ના ચુકાદામાં ૧૯૯૨ માં કરેલ વેચાણ ફ્રોડથી થયેલ હોવાની હકીકતે ડેકલેરેશનનો દાવો ૨૦૦૬ માં કરેલ જેમાં ફ્રોડ અંગેની જાણકારી ફોજદારી ફરીયાદ કરેલ ત્યારથી વાદીને હોવાનો પુરાવો જોતાં દાવો લીમીટેશન બહારનો ઠરાવી દાવા અરજી રીજેકટ કરેલ.

તેમજ **૧૯૯૮ લો.સુટ (ગુજ)૫૦૨ થી પ્રસિધ્ધ મહારાજ માનવેન્દ્રસિંહજી. આર.જાડેજા વિ. રાજમાતા  વિજયકુંવરબા** ના ચુકાદામાં  જયારે દાવા અરજીમાં કારણ જણાતુ નહોય તો તે રદ કરવી જોઈએ તેમ ઠરાવેલ.

તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના **૨૦૧૨ એ.આઈ.આર. સી.સી.૩૩૧૨ થી પ્રસિધ્ધ બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિ.જશભાઈ શિવાભાઈ પટેલ** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં દસ્તાવેજ સને.૧૯૭૫ ની સાલમાં થયેલ હતો અને તે આધારે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રીઓ પાડવામાં આવેલ હતી અને વાદી તે બાબતે જાણતા હોવાનુ માની ૩૫ વર્ષ બાદ દાવો કરેલ તે હકીકતે જોતાં ઠરાવવામાં આવેલ કે દાવામાં નિરર્થક ભારપુર્વકના કથન અને ચાતુર્યથી ભરપુર

લખાણથી દાવાને સમય મર્યાદામાં ન લાવી શકાય તેમજ દાવામાં ભારપુર્વક કહેલ કથન તથા ટેકામાં રજુ દસ્તાવેજો જોતાં દાવો સમય મર્યાદાથી બાધિત હોય તો તેને નકારી કાઢવો જોઈએ તેમ ઠરાવેલ હતુ.

તેમજ **૨૦૧૩(૧) જી.એલ.આર. ૫૧ થી પ્રસિઘ્ધ કાનજીભાઈ ભગવાનભાઈ પટેલ વિ. નંદુબેન શામજીભાઈ સોરઠીયા** ના ચુકાદામાં દાવા અરજી જોતાં વાદીને ૬ વર્ષ પહેલાં દાવાના કારણ અંગેની જાણ હતી જેથી નિષ્ણાતના અભિપ્રાયથી નવુ કારણ મળે નહી તેમ ઠરાવેલ હતુ અને દાવા અરજી રીજેકટ કરેલી. **એ.આઈ.આર.૨૦૦૬ સુ.કો. ૧૮૨૮ થી પ્રસિઘ્ધ માચાર લીમીટેડ વિ. વેસલ એમ.વી.ફોચ્યુન એકસ્પ્રેસના** સદર ચુકાદામાં પેરા. ૧૧ માં જણાવેલ છે કે, દાવામાં દાવાનુ કારણ છે કે કેમ તે માટે અદાલતે દાવા અરજી સમગ્રરીતે ઘ્યાને લેતાં જો દાવાનુ કારણ જણાય તો દાવો રદ થઈ શકે નહી અને દાવાનુ કારણ ન જણાયતો દાવો રદ કરવો જોઈએ તેમ ઠરાવેલ. તેમજ દાવા અરજીમાં દાવાનુ કારણ છતુ થાય છે કે કેમ તે હકીકતનો પ્રશ્ન છે અને તે બાબતે વાદીએ દાવામાં જણાવેલ કથનો સાચા માનીને ચાલવાનુ રહે છે તેમ ઠરાવેલ. તેમજ **૨૦૧૦ (૩) જી.એલ.એચ.૫૯૬ થી પ્રસિઘ્ધ ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ વિ. મૈચત સાવિત્રીબેન ગનુમલ વિગેરે** ના ચુકાદામાં પ્રિટ્રાયલ સ્ટેજે દાવો રદ કરવાની અરજી બાબતે ઠરાવેલ કે કોર્ટે દાવા અરજીમાં જણાવેલ કથનો સાચા માનવાના છે અને પ્ર તિવાદીએ લીઘેલ બચાવ તથા દસ્તાવેજો પર આઘાર રાખી દાવો રદ કરી શકે નહી અને ફકત દાવા અરજી આઘારે દાવાનુ કારણ છતુ થાય છે કે કેમ તે જોવાનુ રહે છે.

(૮) આમ ઉપરોકત ચુકાદા તથા સી.પી.સી. આદેશ ૭, નિયમ ૧૧ ની જોગવાઈ ઘ્યાને રાખી વાદીનો દાવો કારણ દર્શાવે છે કે કેમ તેમજ લીમીટેશનમાં છે કે કેમ તે હકીકત વાદી ની દાવા અરજી

અને સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજી આધારો થી નકકી કરવા નુ રહે છે અને પ્રતિવાદી ના બચાવ પર આધાર રાખવાનો રહેતો નથી વધુમાં ઉપર નોધ્યુ તેમ હાલના તબકકે વાદી દાવામાં સફળ થશે કે કેમ તે જોવાનુ રહેતુ નથી અને વાદીનુ પક્ષનિવેદન સાચુ માનીને ચાલવાનુ રહે છે અને દાવાઅરજીની સ્વીકૃત હકીકતો ધ્યાને લેતાં દાવો કારણ નહી દર્શાવે અથવા તો સમય મર્યાદા બહારનો જણાઈ આવે તો દાવા અરજી રીજેકટ થઈ શકે તેમાં કોઈ શંકા રહેતી નથી. જેથી સદરહુ હકીકતે વાદીની દાવા અરજીના કથનો જોતાં વાદીએ હાલનો દાવી જમીનો વાદીના પિતા ઈશ્વરભાઈ અભેસિંહનાઓ તા.૨૫/૧૦/૫૭ ના રોજ મૈયત થયેલા અને વાદી સીધીલીટીના વારસ હોવાનુ જણાવેલ છે તેમજ વાદીનુ પક્ષનિવેદન છે કે, વાદગ્રસ્ત જમીનોમાં વસાવા ઈશ્વરભાઈ અભેંસિંગ નોધ નં.૫૧૩ થી સંરક્ષિત ગણોતીયા તરીકે મળેલ અને તેઓ ૧૯૫૭ માં મૈયત થતાં વારસદાર અંબાલાલ ઈશ્વરભાઈ એટલે કે પ્રતિવાદી નં.૧ થી ૪ ના પિતાનુ નામ  તથા સગીરના પાલન કર્તા બાઈ ઉજમબેન તે ઈશ્વરભાઈ અભેંસીંગ વસાવાની વિધવાનુ નામ રેવન્યુ રેકર્ડમાં ૧૦૯૦ થી દાખલ થયેલ અને વાદીનુ નામ દાખલ કરવામાં આવેલ નહી. ત્યાર બાદ કોટંબીના ફેરફાર નોધ નં.૧૬૫૦ પાડવામાં આવેલ અને ઈશ્વરભાઈ તથા માતા ઉજમબેન નાઓને ગણોતીયામાં મળેલ હોય વાદી કાયદેસરના સીધી લીટીના વારસદાર હોવા છતાં એક કુટુંબના વહીવટકર્તા તરીકે માતા બાઈ ઉજમ અને વાદીના ભાઈ અં બાલાલ ઈશ્વરભાઈના નામે દાખલ થયેલ અને વાદી તથા બહેન મણીબેનનુ નામ દાખલ કરવામાં આવેલ નહતુ અને આ બાબતે વાદી અજાણ હતા અને સને.૨૦૧૮ માં સદરહુ જમીનો પ્ર તિવાદી નં.૧ થી ૪ નાઓ વેચાણ કરવા ફરતા હોવાની જાણ થતાં વાદીએ જમીનમાં હિસ્સો મેળ વવા માટે જણાવતાં કોઈ હિસ્સો નહી મળે તેમ જણાવતાં વાદીએ ૭/૧૨ કઢાવતાં વાદગ્રસ્ત

મિલકતો માંથી તેણીનુ નામ કમી થઈ ગયેલ હોવાની જાણ થયેલ હોવાનુ પક્ષનિવેદન કરેલ છે. તેમજ નોધ નં.૧૬૫૦ ને કલેકટરશ્રી ડભોઈ સમક્ષ આર.ટી.એસ.વિવાદ અપીલ નં.૩૪/૧૮ થી દાખલ કરેલ તે તા.૨૫/૬/૨૦૧૯ ના રોજ વાદીની તરફેણમાં આવતા પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ વડોદરા કલેકટરશ્રી, સમક્ષ ચેલેન્જ કરતાં આર.ટી.એસ.કેસ. નં.૪૧૧/૧૯ થી દાખલ કરેલ જેનો તા.૧૬/૧/૨૦૨૦ ના રોજ વાદીની તરફેણમાં હુકમ આવેલ અને વાદીનુ નામ ચઢાવવા નુ બાકી હતુ તે દરમ્યાન પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૫, ૬ ને તા.૨૫/૬/૨૦૧૯ ના રોજ વાદગ્રસ્ત જમીનો પૈકી સ.નં.૫૪૨/અ પૈકી તથા ૫૪૩/બ, ૫૪૬ ની રજી.વેચાણ દસ્તાવેજ અનુ નં.૯૮૦/૨૦૧૯ થી તા.૨૫/૨/૧૯ ના રોજ વેચાણ કરી વાદીનો હકક ડુબાળેલ હોવાની હકીકતે પક્ષનિવેદન કરેલ છે તથા પ્રતિવાદી નં. ૫ , ૬ નાએ પ્રતિવાદી નં.૭ , પ્રતિવાદી નં.૮ તથા ૯, ૧૨, ૧૩, ૧૪ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજો વાદીના હકક વિરૂધ્ધના દસ્તાવેજો છે તેવુ ઠરાવવા અને પ્રતિવાદી નં.૫, ૬ ને દસ્તાવેજ કરી આપવા કોઈ હકક અધિકાર નથી તેવુ ઠરાવી લેવા તથા વહેચણ વિગેરેની દાદ માગેલ છે તથા દાવાના કારણમાં પ્રતિવાદીઓએ તા.૨૫/૨/૧૯ ના રોજ વેચાણ કરેલ તેમજ પ્રતિવાદી નં.૧ થી ૪નાએ વાદીએ હિસ્સો માગતાં ઈન્કાર કરેલ ત્યારથી ઉભુ થયેલાનુ જણાવેલ છે.

(૯) આમ વાદીનુ પક્ષનિવેદન જોતાં વાદીએ હાલનો દાવો દાવાવાળી મિલકતમાં તેઓનો વડીલોપાર્જીત વણવહેચાયેલ હકક અધિકાર હોવાની હકીકતે પાર્ટીશન તથા થયેલ વેચાણ દસ્તાવેજો રદ ઠરાવવા માટે દાવો કરેલ છે. હવે વાદીનો દાવો કારણ દર્શાવે છે કે કેમ તથા લીમીટેશનમાં છે કે કેમ તે હકીકતે જોતાં વાદીએ દાવામાં તેઓને સને.૨૦૧૮ માં જાણ થયેલ હોવાનુ પક્ષનિવેદન કરેલ છે. તેમજ થયેલ વેચાણ દસ્તાવેજો આધારે પણ

દાવો લીમીટમાં હોવાની રજુઆત કરેલ છે. વધુમાં હાલની અરજીના નિર્ણય અર્થે કાયદામુજબ વાદીની દાવા અરજી તથા વાદીના દસ્તાવેજી આધારો ધ્યાને લેવાના રહે છે, પરંતુ વાદીએ કોઈ હકીકત છુપાવેલ હોય અને તેવી હકીકત પ્રતિવાદી તરફે રજુઆત કરવામાં આવે તો તેવા દસ્તાવેજો પણ આ અદાલત જોઈ શકે તેવુ આ અદાલતનુ માનવુ છે. હાથ ઉપરના કેસમાં પ્રતિવાદી તરફે હાલના વાદીએ અગાઉ સ્પે.મુ.નં.૧૦૬૭/૨૦૦૦ તથા રે.દિ.મુ.નં.૩૪૧/૨૦૧૦ ના દાવા કરેલ હોવાનુ કથન કરેલ છે તેમજ તેવા દાવાની નકલો આંક–૩૧ ના લીસ્ટ આધારે રજુ રાખેલ છે અને તેમાં વાદી તરફે હાલના દાવાના વાદી હોવાનુ જોતાં તેવા દસ્તાવેજો હાલના દાવાના વાદી માટે સ્વીકૃત હકીકત બને તેમાં કોઈ શંકા રહેતી નથી જેથી આ દસ્તાવેજો અદાલત હાલની અરજીના હેતુ માટે જોઈ શકે તેવુ આ અદાલતનુ માનવુ છે.

જે હકીકતે પ્રતિવાદી તરફે આંક–૩૧ ના દસ્તાવેજી લીસ્ટ આધારે નિ.૩૧/૧ થી નિ.૩૧/૪ સુધી વાદીએ અગાઉ કરેલ દાવો સ્પે.મુ.નં.૧૦૬૭/૨૦૦૦ ની દાવા અરજી, નિ.૩૧/૨ થી તેવા દાવામાં પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી આધારોનુ લીસ્ટ, નિ.૩૧/૩ થી તેવા દાવાનો પ્રતિવાદી તરફે રજુ થયેલ દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ રાખેલ છે આવો દાવો વાદી ચંચળબેન ઈશ્વરભાઈ વસાવા દવારા અંબાલાલ ઈશ્વરભાઈ વસાવા વિરૂધ્ધ હાલના દાવાની તમામ જમીનો સંદર્ભે ૮,૦૦,૦૦૦/– ના આંક થી વહેચણ તથા હકકસ્થાપન તથા કાયમી મનાઈ હુકમ માટે કરેલો જેમાં જે દાવા અરજી જોતાં તેમાં મિલકતો વડીલોપાર્જીત હોવાનુ અને તેઓના પિતાજીને ગણોત હકકથી પ્રાપ્ત થયેલ અને વાદીના માતા અને બેન મણીબેન મૈયત થયેલ અને ગણોત હકકે નોધનં. ૫૧૩, ૧૬૫૭, ૧૬૫૦, ૧૬૮૯ થી એન્ટ્રી પડેલ અને તેઓના પિતા વીલ કરેલ નહોવા છતાં વાદીનુ નામ દાખલ કર્યા સિવાય ખોટી

રીતે નામ દાખલ કરાવી તથા કેટલીક ૧૪ વીઘા જેટલી જમીનો અન્ય ઈસમોને વેચાણ કરી દીધેલ હોવાની હકીકતે દાવો તા.૧૫/૧૨/૨૦૦૦ ના રોજ કરેલો જે દાવો ડી.ડી. થયેલ હોવાનુ જણાય છે. વધુમાં નિ.૩૧/૪ થી રે.દિ.મુ.નં.૩૪૧/૨૦૧૦ નો દાવો વાદી ચંચળબેન ઈશ્વરભાઈ વસાવાએ પ્રતિવાદી અંબાલાલ ઈશ્વરભાઈ વસાવા તથા વાઘોડીયા મામલતદાર વિરૂધ્ધ કરેલ જેમાં હાલના દાવાની જમીનો ના વારસાઈ હકકે માલીક થતા હોવાની હકીકતે સરખો હિસ્સો ચાલીઆવેલ અને પ્રતિવાદી નં.૧ વાદીની સંમતિ સિવાય બીજા ઈસમને વેચાણ કરી દેવા માગતા હોવાનુ અને વાદીની સંમતિ સિવાય નોધ પડાવી દીધેલ હોવાની હકીકતે વેચાણ, તબદિલ કરે કરાવે નહી તેવા મતલબની દાદ માગતો દાવો કરેલ જે તા.૧૬/૧૦/૧૦ ના રોજ કોર્ટ બહાર સમાધાન થયેલ હોવાની હકીકતે બિનશરતી પરત ખેચતા હોવાની હકીકતે પુરશીષ રજુ રાખેલ તે રજુ થયેલ છે.

(૧૦) આમ ઉપરોકત દાવા વાદીએ હાલના દાવાની તકરારી જમીન સંદર્ભે અને પોતાના હકક હિસ્સાની માગણી કરતા કરેલ જેમાં વાદીએ સ્પષ્ટપણે પોતાનુ નામ જે તે સમયે રેવન્યુ રેકર્ડમાં તેણીની સહી સંમતિ સિવાય દાખલ નહી કરાવેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ સ્પે.મુ.નં .૧૦૬૭/૨૦૦૦ ના દાવામાં વહેચણની પણ દાદ માગવામાં આવેલ છે આમ આ હકીકતો વાદીએ હાલના દાવામાં જણાવેલ નથી અને છુપાવી દાવો કરેલ છે અને જો વાદીએ ઉપરોકત દાવાની હકીકતે જાહેર કરેલ હોત તો હાલનો દાવો દાખલ કરી શકત નહી જેથી લીમીટેશન ના કાયદાની જોગવાઈઓ મુજબ વાદીએ પાર્ટીશનનો દાવો કારણ ઉભુ થયાના ૧૨ વર્ષમાં કરવાનો રહે છે હવે હાલના દાવામાં વાદીના હકક અધિકારનો ઈન્કાર કયારે થયેલ ત્યારથી વાદીને દાવાનુ કારણ ઉભુ થાય તે હકીકતે જોતાં વાદીને દાવાનુ કારણ હાલના દાવાની અરજીમાં જણાવેલ

તે મુજબ ઉભુ થયેલ કે કેમ તે હકીકતે જોતાં વાદીએ સ્પે.મુ.નં.૧૦૬૭/૨૦૦૦ મુળ પ્રતિવાદી અંબાલાલ ઈશ્વરભાઈ વિરૂધ્ધ વહેચણ માટે કરેલ હોવાની હકીકત રેકર્ડ પર છે તેમજ તેવા દાવામાં વાદીએ રેવન્યુ રેકર્ડની નોધનં. ૫૧૩, ૧૬૫૭, ૧૬૫૦, ૧૬૮૯ સબંધે પક્ષનિવેદન કરેલ છે જેથી વાદી તેવી નોધની હકીકતોથી સને.૨૦૦૦ થી વાકેફ હોવાનુ માનવાને કારણ રહે છે તેમજ ત્યાર બાદ પણ રે.દિ.મુ.નં.૩૪૧/૨૦૧૦ નો દાવો તે જ પ્રતિવાદી વિરૂધ્ધ કરેલ છે આમ ઉપરોકત હકીકતો જોતાં વાદીએ હાલના દાવાના કારણમાં '' ..પ્રતિવાદીઓએ એક બીજાના મેળાપીપણામાં અમો વાદીના નામની નોધ કબજેદાર–સહ–માલીક તરીકે ન કરાવી ત્યારથી તથા આ કામના પ્રતિવાદીઓએ તા.૨૫/૨/૨૦૧૯ ના રોજ અમો વાદીના હકક અધિકાર વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે ફ્રોડ કરી વારસાઈ હકકોને ઈરાદાપુર્વક ડુબાળીદેવા ના આશય થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૨૦૧૯ રજીસ્ટર્ડ કર્યો ત્યારથી જ તથા આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ પાસે અમોએ અમારો હિસ્સો માંગતા ઈન્કાર કર્યો ત્યારથી તેમજ આ કામના પ્રતિવાદી નં.૫ અને ૬ નાઓએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૨૦૧૯ આધારે ઉત્તરોતર રજી.વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૭ થી ૧૪ નાઓને કરી આપ્યા ત્યારથી રોજરોજ સદર દાવાનુ કારણ આપ નામદાર કોર્ટમાં ઉત્પન્ન થયેલ છે અને હાલ ચાલુ છે'' વિગેરે હકીકત જણાવેલ છે જેથી અગાઉ ઉપર નોધ્યુ તેમ વાદીએ અગાઉ પણ સને.૨૦૦૦ ની સાલમાં વહેચણ માટે દાવો કરેલો અને ત્યાર બાદ ફરીથી સને.૨૦૨૨ માં તે જ કારણસર હાલનો દાવો કરેલ છે જેથી હાલનો દાવો ૧૨ વર્ષની સમયમર્યાદા બહારનો સ્પષ્ટ થાય છે. વધુમાં વાદીએ હાલના દાવામાં પ્રતિવાદીએ દસ્તાવેજો કરેલ ત્યારથી તથા નોધ સંદર્ભે રેવન્યુ રાહે આર.ટી.એસ.અપીલ વિગેરે સને.૨૦૧૮ માં કરેલ તથા રજી.વેચાણ દસ્તાવેજો થયેલ તે આધારે વાદીનો

દાવો લીમીટેશનમાં હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ આ હકીકત માત્રથી વાદીને દાવાનુ કારણ જે એક વખત સને.૨૦૦૦ માં ઉભુ થયેલ તે લંબાય ખરુ ? સદર હકીકતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ***૨૦૧૩(૧) જી.એલ.આર. ૫૧ થી પ્રસિધ્ધ કાનજીભાઈ ભગવાનભાઈ પટેલ વિ. નં દુબેન શામજીભાઈ સોરઠીયા***ના ચુકાદામાં દાવા અરજી જોતાં વાદીને ૬ વર્ષ પહેલાં દાવાના કારણ અંગેની જાણ હતી જેથી નિષ્ણાતના અભિપ્રાયથી નવુ કારણ મળે નહી તેમ ઠરાવેલ હતુ. દાવાવાળી જમીન બિનખેતી થયેલ હોઈ ત્યારથી દાવાનુ કારણ ઉભુ થયેલ હોવાની હકીકત સ્વીકારી શકાય તેમ નથી અને તે કારણે વાદીનો દાવો લીમીટેશનમાં હોવાનુ ઠરાવી શકાય તેમ નથી. આ હકીકતે નામદાર સુપ્રિમ કોર્ટે ***૨૦૧૧(૦) એ.આઈ.જે. સુ.કો. ૧૧૫૮ થી પ્રસિધ્ધ ખત્રી હોટેલ્સ પ્રા.લી. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા*** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે વિવિધ દાવાનુ કારણ આધારે જાહેરાતના દાવામાં લીમીટેશન જયારે પ્રથમ વખત દાવો કરવાનુ કારણ ઉભુ થાય તે તારીખથી ગણવાનુ રહે છે અને ત્યાર બાદ થતા અધિકારના ભંગ દાવાનુ નવુ કારણ આપી શકે નહી તેમ ઠરાવી જો પ્રથમ દાવો કરવાનુ કારણ ઉભુ થયેલ હોય ત્યારથી જોતાં દાવો સમય મર્યાદા બહાર હોય તો રદ કરવો જોઈએ તેમ ઠરાવેલ હતુ. આમ સદરહુ ચુકાદા ધ્યાને લેતાં પણ એક વખત દાવાનુ કારણ ઉભુ થયેલ તે ત્યાર બાદ ના સંજોગો આધારે વાદીને દાવાનુ કારણ મળી શકે નહી તેવુ જેથી જયારે વાદીના દાવાની મુખ્ય એવી વહેચણની દાદ સમયમર્યાદામાં જણાતી નથી તેવા સંજોગોમાં તેવા અધિકાર આધારે થયેલ વેચાણ દસ્તાવેજો ચેલેન્જ કરવા માટે વાદીને કોઈ કારણ મળે છે તેમ કહી શકાય નહી જેથી પણ વાદીનો દાવો કારણ વગરનો બને છે.

(૧૧) આમ ઉપરોકત ચર્ચા આધારે સમગ્રપણે ધ્યાને લેતાં વાદીનો દાવો કારણ વિનાનો

તથા લીમીટેશન બહારનો હોવાનુ સ્પષ્ટપણે/દેખીતી રીતે ફલિત થતુ હોય તેવા સંજોગોમાં વાદીની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧(એ) તથા (ડી) ની જોગવાઈઓ મુજબ રીજેકટ થવાપાત્ર ઠરતી હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

પ્રતિવાદીની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે. વાદીની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧(એ) તથા (ડી) ની જોગવાઈઓ મુજબ રીજેકટ/રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ સબંધે કોઈ હુકમ નથી.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.**૨૦** માહે, **–નવેમ્બર.**, સને. **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૦/૧૧/૨૦૨૩

**(બાબુભાઈ માધવલાલ પ્રજાપતિ)**
**(GJ00865)**
પ્રિન્સીપલ.સિનિ.સીવીલ જજ,
સાવલી, જી.વડોદરા.